ફો.પ.અ.નં.-૪૧૨/૨૦૨૬

આંક-૧ હેઠળ હુકમ

આ કામમાં સેશન્સ કેસ નં.-૨૨/૨૦૨૬ના કામમાં આંક-૧ ઉપર નીચે મુજબનો હુકમ ફરમાવેલ છે.

"(૧) હાલના તબકકે ઓર્ગેનાઈઝડ ક્રાઈમના તત્વો પ્રથમ દર્શનીય રીતે સંતોષાતા ન હોય આ કેસ કમીટ કરેલ મેજીસ્ટ્રેટ કોર્ટને પરત કરવામાં આવે છે અને **એ સ્પષ્ટતા કરવામાં આવે છે કે,** પુરાવાના તબકકે ઓર્ગેનાઈઝડ ક્રાઈમ એટલે કે, ભારતીય ન્યાય સંહિતાની કલમ–૧૧૧ ના તત્વો સંતોષાય તો, ટ્રાયલ અદાલત કાયદા મુજબની યોગ્ય કાર્યવાહી કરી શકશે.

આરોપીઓને **મુદત તા. ૦૫–૦૬–૨૬** ના રોજ વિ. ચોથા જયુડી.મેજી.ફ.ક.શ્રી (પ્રિસાઈડીંગ ઓફિસર શ્રી આશીમા ગર્ગ) ની કોર્ટમાં એટલે કે, ઉપરોકત કેસ કમીટ કરેલ કોર્ટમાં હાજર રહેવાનો આદેશ કરવામાં આવે છે.

આ હુકમ આજ તારીખ ૩૦મી, માહે. મે, સને ૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી જાહેર કર્યો.

તા.૩૦–૦૫–૨૬ (બી.જી.દવે)

**સેશન્સ જજ,**

**જુનાગઢ.**''

આમ, જયારે મુળ કેસ ચોથી જયુડી.મેજી.(ફ.ક.)શ્રી,જુનાગઢની કોર્ટમાં ટ્રાન્સફર કરેલ છે અને આ મુદામાલ અરજી તે કેસ સંદર્ભેની છે જેથી જે કોર્ટમા સેશન્સ કેસ નં.-૨૨/૨૦૨૬ નો મોકલેલ છે તે ક્રિમીનલ કોર્ટ આ ફોજદારી પરચુરણ અરજીનો નિર્ણય કરે તે ન્યાયીક રીતે ઉચીત જણાય છે તે સંજોગોમા નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

// હુકમ //

હાલની ફો.પ.અરજી નં.-૪૧૨/૨૦૨૬ ની સેશન્સ કેસ નં.-૨૨/૨૦૨૬ નો જે કોર્ટમાં મોકલવામાં આવેલ છે તે કોર્ટમાં એટલે કે, વિ.ચોથા જયુડી.મેજી.(ફ.ક) કોર્ટ,જુનાગઢ(પ્રિસાઇડીંગ ઓફીસરશ્રી આશીમા ગર્ગ)ની કોર્ટમા ટ્રાન્સફર કરવાનો હુકમ કરવામાં આવે છે.

આ હુકમની જાણ સંબંધીત કોર્ટ તથા અરજદાર તથા સામાવાળાને કરવાનો હુકમ કરવામાં આવે છે.

તા.૦૧/૦૬/૨૦૨૬ (બી.જી.દવે)

જુનાગઢ પ્રિન્સીપાલ ડીસ્ટ્રીકટ એન્ડ સેશન્સ જજ

જુનાગઢ

કોડ નં.-જીજે-૦૦૪૬૯